અનુસુચિત જનજાતિના ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપવામાં આવતી ગણવેશ સહાયના દરોમાં વધારો કરવા બાબત.

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ શક્ષણ/૨૦૨૦૨૨/ન.બા-૪૦/ગ

સચિવાલય,ગાંધીનગર

તા. ૦૧/૦૪/૨૦૨૨

**વંચાણે લીધાઃ**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.03/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃ અનશ/૨૦૨૦૧૭/ન.બા.૬ /ગ

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૪/૦૫/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃ અનશ/૨૦૨૦૧૭/ન.બા.૬ /ગ

(૩) નિયામકશ્રી (આ.વિ.)ની કચેરીનો તા.૨૯/૦૧/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃ આવિ/શિક્ષણ/ફા.નં. ૧૩૦૭/૨૦૨૨-૨૩/૧૬૫

(૪) નિયામકશ્રી (આ.વિ.)ની કચેરીનો તા.૧૩/૦૧/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃ આવિ/શિક્ષણ/ફા.નં. ૧૩૦૮/૨૦૨૧-૨૨/૧૬૬

**આમુખ:**

ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૨) સામેના ઠરાવથી અનુસુચિત જનજાતિના ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂ.૬૦૦ ના દરે ૩ જોડી ગણવેશ માટે ગણવેશ સહાય ચૂકવવામાં આવે છે. ઉપર્યુક્ત વંચાણે લિધેલ ક્રમાંક(૩) અને (૪) સામેના પત્રોથી નિયામકશ્રી(આ.વિ.)ની કચેરીએ સદરહું ગણવેશ સહાય પેટે રૂ.૬૦૦માં રૂ.૩૦૦ નો વધારો કરી રૂ.૯૦૦ કરવા અંગે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગેની દરખાસ્ત અત્રે રજૂ કરવામાં આવેલ હતી. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વક વિચારણાને અંતે, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં સામેલ અનુસુચિત જનજાતિના ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગણવેશ સહાયમાં હાલનાં રૂ.૬૦૦ના દરમાં રૂ.૩૦૦નો વધારો કરી રૂ.૯૦૦ કરવા બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામા આવે છે.

**શરતોઃ-**

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

3. આ અંગેનુ ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. નાણાકીય વર્ષ: ૨૦૨૨-૨૩ માં મંજૂર થયેલ નવી બાબત/રજૂ કરેલ વ્યક્તિગત લાભને લગત હોય તેવી નવી બાબત જે ચાલુ બાબત તરીકે અંદાજપત્રમાં સમાવવા ની શરતે મંજૂર કરવામાં આવેલ હોઈ, તે યોજનાઓ પૈકી શૈક્ષણિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલ બાબતોની અમલવારી નવા શૈક્ષણિક સત્ર ચાલુ થયેથી કરવાની રહેશે.

૭. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૯. આ યોજનાને C.M. Dash Board સાથે link કરવાની રહેશે.

૧૦. સોશિયો ઈકોનોમીક ઈમ્પેક્ટ ઈવેલ્યુઅશન/એસેસમેન્ટ કરવાનું રહેશે.

૧૧. યોજનામાં લાભાર્થીને આપવામાં આવતાં લાભ માટે DBT પધ્ધતિ અનુસરવાની રહેશે.

૧૨. ઉક્ત બાબતની અમલવારી નવા શૈક્ષણિક સત્રથી જ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક-૯૩ આયોજન, મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસુચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસુચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ૨૭૭ શિક્ષણ યોજના, પેટા સદર: ૦૧-વી.કે.વાય-૧ પ્રી મેટ્રીકમાં ગુણવતાયુક્ત શિક્ષણ આપવા માટેની યોજના તેમજ

માંગણી ક્રમાંક-૯૬ આયોજન, મુખ્ય સદરઃ૨૨૨૫-અનુસુચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસુચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬ આદિજાતિ વિકાસ પેટા યોજના, પેટા સદર: ૦૨-વી.કે.વાય ૧- પ્રી મેટ્રીકમાં ગુણવતાયુક્ત શિક્ષણ આપવા માટેની યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં કરેલી જોગવાઈઓમાંથી કરવાનો રહેશે અને જરૂર જણાય વધારાના ખર્ચ માટે સુધારેલા અંદાજો/પુરક માંગણી દ્વારા મેળવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૩૦/૦૩/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

(આઈ.એ.દેસાઈ)
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ:-

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી(આ.વિ.),બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.